# કરીને યાદ તમને જીંદગી આખી, ક્ષણોનાં મહેલમાં કાયમ ભટકવાનું !

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

બિલિમોરાના નાના રેલવે સ્ટેશન પર ધમાલ પણ ઓછી રહેતી, આથી પાર્સલ ઓફિસના કલાર્ક રમણભાઈને કામ ઓછું રહેતું. જોકે, કામ ઓછું હોય કે વધુ, પણ રેલવેના નિયમ પ્રમાણે સમયસર નોકરી પર તો હાજર થવું જ પડે, એટલે રમણલાલ ચુસ્તપણે નિયમનું પાલન કરતા. એમનાં પત્ની ચંદનબહેન પણ એમને સમયસર જમવાનું બનાવી આપતા.

દીકરી રચના તો હજી દસ-બાર વરસની હતી, પણ એ પણ માતાને મદદ કરવામાં પાછી નહોતી પડતી.

“સાંભાળ્યું,”એક સવારે ચંદનબેને રમણલાલને કહ્યું, “બપોરે જમવા આવો ત્યારે બજારમાંથી થોડી શાકભાજી લેતા આવજો.”

“કયું કયું શાક લાવું એ કહે,”રમણલાલ બોલ્યા, “અને શાક લાવવા થેલી પણ આપજે.”

“રીંગણાં, બટેટા, ચોળી, ગુવાર ને મેથી લેતા આવજો, ”ચંદનબેને કહ્યું, “લ્યો આ થેલી. પૈસા તો છેને તમારી પાસે?”

“હા,હા,”રમણલાલે કહ્યું, “પૈસા તો છે જ. ડુંગળી લેતો આવું ? મેથીના ગોટા બનાવજે, ડુંગળી સાથે મઝા આવશે.” “ના હો,”ચંદનબેન બોલ્યા, “આપણે અનાવિલ બ્રાહ્મણ છીએ, ડુંગળી આપણે નથી ખાતા. તમને બહુ શોખ હોય, તો સ્ટેશન પર પેલા સ્ટોલવાળા પાસેથી ગોટા ને ડુંગળી લઈને ખાઈ લેજો, પણ ઘેર નહીં.” “ભલે,”રમણલાલે પગ ઉપાડતાં કહ્યું, “બપોરે ઘેર આવતા પહેલાં બજારમાં આંટો મારતો આવીશ, ને શાકભાજી લેતો આવીશ. રચના માટે કૈં ચોપડી કે નોટ લાવવાની છે ?” “ના પપ્પા,”રચના આગળ આવીને બોલી, “મારી પાસે ચોપડી ને નોટસ બધું જ છે, પેન્સિલ પણ છે.” “ભલે,”કહીને રમણલાલ સ્ટેશન જવા નીકળી ગયા. સ્ટેશને જઈને એમણે આદત મુજબ ઘડિયાળ પર નજર નાખી. સવારના સાડા આઠ વાગ્યા હતા. એમણે બીજી નજર આદત મુજબ દીવાલ પર લટકતા કેલેન્ડર પર નાખી. તારીખ હતી 10મી જાન્યુઆરી, 1980. એ પછી સ્ટેશન માસ્તરને નમસ્તે કરીને એ પાર્સલરૂમમાં ગયા. બે-ત્રણ પાર્સલ આજે સવારની સાડા દસની ટ્રેઈનમાં મોકલવાના હતા, એ એમણે રૂમનાં બારણાં પાસે મૂક્યા, ને એ સ્ટોલ તરફ વળ્યા. એમણે ચ્હા પીધી, ને ગોટા માટે નજર દોડાવી, પણ હજી ગોટા બનાવ્યા નહોતા. “કેમ લવજી,”રમણલાલે પૂછ્યું, “આજે ગોટા કેમ નથી બનાવ્યા ?” “અરે રમણભાઈ,”લવજી હસ્યો, “અત્યારે બનાવેલા ગોટા સાડા દસની ટ્રેઈનમાં કોણ ખાય? બનાવીશ સવા દસે, આવી જજો.”

સવા દસની મુદત પડી, એટલે રમણલાલ પાર્સલરૂમમાં ગયા, ને ખુરશી પર લંબાવ્યું.

સમય પસાર થતો ગયો, ને સાડા દસની ટ્રેઈન પણ આવી ગઈ. રમણલાલે કુલીની મદદથી પાર્સલ ટ્રેઈનમાં ચડાવી દીધા, પછી ટ્રેઈન ઉપડી એટલે એમણે થોડીવાર પાર્સલરૂમમાં ખુરશી પર લંબાવ્યું.

હવે તો સાંજના સાડા સાત વાગ્યે ટ્રેઈન આવવાની હતી, ત્યાં સુધી રમણલાલ માટે નવરાશ હતી. એ ધીમેથી ઊભા થયા, અને બજાર તરફ જવા નીકળ્યા.


બજારમાંથી શાકભાજી લઈને એ ઘેર ગયા, ત્યારે રસોઈ તૈયાર હતી. જમીને એ ખાટલા પર આડા પડયા.

“સાંભળ્યું, ”થોડીવારે ચંદનબહેને એમની નજીક આવીને કહ્યું, “હવે ગેસ મળવાના શરૂ થયા છે, તો આપણે પણ રસોડા માટે ગેસ લઈ લઈએ. આ વાટવાળો પ્રાયમસ ને કોલસાથી હવે કંટાળો આવે છે.”

“જોઈએ,”રમણલાલ બોલ્યા, “આવતા પગારે નોંધાવી દઈશું, તો થોડા દિવસમાં ગેસ આવી જશે.”

બીજા દિવસે રવિવાર હતો, પણ રમણલાલની નોકરી તો ચાલુ જ હતી. સવારના સાડા દસની ટ્રેઈન ગઈ. થોડા પાર્સલ ઉતર્યા, એ ચોપડામાં નોંધીને એમણે પાર્સલરૂમમાં મૂકાવી દીધા. એ જમવા જવાનો વિચાર જ કરતા હતા, ત્યાં જ સ્ટોલવાળાનો નોકર દોડતો આવ્યો. “રમણલાલભે,”એણે શ્વાસભર્યા અવાજે કહ્યું, “જલ્દી ચાલો તમારા ઘેર, ચંદનબેન ને તમારી દીકરી બંને દાઝી ગયાછે. ચંદનબેન તો બહુ દાઝ્યા છે.”

રમણલાલ ઘર તરફ દોડ્યા. સાત-આઠ માણસો ભેગા થઈ ગયા હતા. ચંદનબહેન ભાનમાં નહોતા. રચના ડાબી બાજુના કાન પાસેથી ગળા સુધી દાઝી ગઈ હતી. રૂમ આખો રમણ-ભમણ હતો. “કોઈ રીક્ષા કે કોઈની ગાડી બોલાવો ભે,”રમણલાલ ગળગળા અવાજે બોલ્યા, “આ બંનેને દવાખાને લઈ જઈએ.” “બોલાવી જ છે રમણકાકા,”પાડોશી યુવાન બોલ્યો, “મારા સંબંધીની ગાડી આવતી જ હશે.” રચના, બેટા,”રમણલાલે પૂછ્યું, “કેમ કરતા આ થયું?” “પપ્પા,”રચના બોલી, “મમ્મી વાટવાળા પ્રાયમસ પર દાળ વઘારતી હતી, ને જેવો એણે વઘાર મૂક્યો કે મોટો ભડકો થયો, ને પ્રાયમસ પણ સળગ્યો. મમ્મીની સાડી સળગી, ને પછી તો મમ્મી આખી સળગવા લાગી. હું દોડી, મેં પ્રાયમસને પાટુ મારીને દૂર કર્યો, પણ એ વખતે મારા પર પણ કેરોસીન ઊડ્યું, ને કાનની નીચેથી ગળા સુધી હું પણ દાઝી છું. મેં પાણી છાંટીને મમ્મીને ઓલવી. બૂમો પાડી એટલે આ બધા મદદમાં આવી ગયા, બધાએ ભેગા થઈને આગ ઓલવી નાખી.”રચના બોલતી હતી, પણ એના શબ્દોમાં વેદનાનો કણસાટ હતો. એને પણ દુઃખતું હતું. થોડીવારે ગાડી આવી, ને બધા દવાખાને ગયા.



**“હવે મારે પૈસા શું કરવા છે?”રચનાએ વિચાર્યું, “મમ્મી પણ આગમાં ગઈ, ને જયના પપ્પા પણ આગમાં ગયા. હવે બીજું કોઇ આ રીતે આગમાં ન જાય એ માટે એ ચેક લઈને બિલિમોરાની ફાયરબ્રિગેડની ઓફિસે ગઇ**

ચંદનબહેનને જોઈને ડોક્ટરે થોડીવાર તપાસ્યા, પછી એમણે રમણલાલ સામે જોયું. “રમણલાલ,”ડોક્ટર બોલ્યા, “ચંદનબહેન અવસાન પામ્યા છે. તમારી દીકરી તો ગળા પાસે દાઝી છે, એને દાખલ કરી દઈએ છીએ, એ અઠવાડિયામાં સાજી થઈ જશે.” ભારે હૈયે રમણલાલ ચંદનબહેનની લાશ લઈને ઘેર આવ્યા, ને પછીની બધી વિધિ પાડોશીઓ સાથે મળીને પતાવી.

આઠમા દિવસે રચનાને પણ રજા મળી. એ ઘેર આવી. હજી એના ડાબા કાનથી ગળા સુધી એક લીટી જેવું હતું, ને ભીંગડા જામેલા હતા. બાપ-દીકરી ગળે વળગીને ખૂબ રડ્યા, પછી રચનાએ કોલસાની સગડી પર રસોઈ બનાવી. એકાદ મહિના પછી રચનાના દાઝેલા ભાગ પરથી ભીંગડાં તો ખરી ગયા, પણ કાન પાસેથી એક સફેદ પટ્ટી છેક ગળા સુધી જતી દેખાતી હતી, એ કાયમ રહેશે એમ ડોક્ટરે પણ કહ્યું.

સમય પસાર થતો રહ્યો, ને રચનાનો અભ્યાસ પણ ચાલતો રહ્યો. એ મેટ્રિક પાસ થઈ ગઈ. હવે આગળ ભણવાની એની ઈચ્છા ન હતી. જોકે, હવે રમણલાલની ચિંતા વધી. હવે રચના માટે મુરતિયો શોધવાનો હતો. એમણે બે-ત્રણ જગ્યાએ તપાસ કરી, પણ રચનાના ડાઘના લીધે લોકોને એમ જ લાગતું કે, એને કોઢ છે, એટલે સરવાળે જવાબ નકારમાં જ આવતો. રમણલાલ સમજાવતા કે, આ તો દાઝયાનો ડાઘ છે, પણ લોકો માનવા તૈયાર નહોતા. રમણલાલ રચનાને લીધે સતત ચિંતામાં રહેતા. એક તો પત્નીના અવસાનનો શોક હતો, ને હવે એમાં ઉમેરણ થયું રચનાના લગ્નની ચિંતાનું.

સ્ટેશન માસ્તર એમની ચિંતા જાણતા હતા. એ રમણલાલને ચિંતા ન કરવાનું કહેતા. ભગવાન સૌ સારા વાના કરશે એમ કહીને એમને ધીરજ બંધાવતા.

રમણલાલને ક્યાંયથી કોઈ મુરતિયાની ભાળ મળતી, તો એ સીધા જ ટ્રેઈનમાં ચડી જતા. સાંજના નિરાશ થઈને પાછા આવતા. હવે એમને લાગ્યું કે, રચના માટે મુરતિયો મળવો મુશ્કેલ છે.

“રમણલાલ,”એક દિવસ સવારના જ સ્ટેશન માસ્તરે એમને બોલાવ્યા, “તમે તો અનાવિલ બ્રાહ્મણ છોને?”

“હા સાહેબ”રમણલાલે જવાબ આપ્યો.

“તો જુઓ,”સ્ટેશન માસ્તરે એમની સામે જૂનું છાપુ લંબાવ્યું, “વલસાડમાં અનાવિલ બ્રાહ્મણ માટે જીવનસાથી પસંદગી મેળો ગોઠવાયો છે. આવતીકાલે જ છે. તમે દીકરીને લઈને ઉપડો. રજીસ્ટ્રેશનની તારીખ તો ગઈ, પણ તમે વિનંતી કરશો તો એ લોકો ત્યાં જ રજીસ્ટ્રેશન કરી આપશે.”

રમણલાલે છાપાનું કટિંગ લઈ લીધું, ને સાંજના ઘેર જઈને એમણે રચનાને વાત કરી, તૈયાર રહેવાનું કહ્યું.

બીજા દિવસે સવારના બંને વલસાડ જવા નીકળ્યા. મેળાના સંચાલકો વળી સારા સ્વભાવના નીકળ્યા, એટલે એમણે તરત જ રચનાનું રજીસ્ટ્રેશન કરી નાખ્યું.

એક પછી એક મુરતિયાઓ અને કન્યાઓ સ્ટેજ પર આવતા ગયા. જેમને અનુકૂળ લાગતું હતું, એ છોકરી છોકરો એકબીજાને મળતા, ને પછી માતા-પિતા દ્વારા નક્કી થઈ જતું.

રચનાનો વારો આવ્યો. એ સ્ટેજ પર ગઈ. ચારેબાજુ એણે નજર નાખી, પણ ભાગ્યે જ કોઈએ બીજી વખત એના તરફ નજર નાખી. નિરાશ થઈને એ સ્ટેજ પરથી ઉતરીને રમણલાલ પાસે આવીને બેસી ગઈ. અચાનક એક યુવાન એમની પાસે આવ્યો. રમણલાલ તો ખુશ થઈ ગયા. એમને લાગ્યું કે, જાણે ભગવાને જ આ યુવાનને એમની પાસે મોકલ્યો છે. “હું ધનંજય દેસાઈ,”એણે રમણલાલને કહ્યું, “તમારી દીકરીને મેં જોઈ. મને એ સંસ્કારી લાગી, ને હું સંસ્કારી કન્યાની શોધમાં જ અહીં આવ્યો છું. જોકે, મારે કુટુંબમાં કોઈ નથી, ને હું વિધુર છું. “તમે ક્યાં રહો છો?”રમણલાલે પૂછ્યું. ‘અમેરિકામાં’ ધનંજયે કહ્યું, “અમેરિકામાં ટામ્પામાં મારું મકાન છે ને ટામ્પામાં જ એક સરકીટ બોર્ડ બનાવતી આપણાં ગુજરાતી પટેલની જ ફેક્ટરી છે એમાં હું નોકરી કરું છું. તમને જો વાંધો ન હોય તો તમારી દીકરી રચનાનો હાથ હું મારા માટે માગું છું. હું વિધુર છું એ તમને પહેલા જ જણાવી દીધું છે.”

“અમને કોઈ વાંધો નથી,”રમણલાલે રચના સામે જોઈને કહ્યું. રચના શરમથી લાલ ચહેરે પગના અંગુઠાથી જમીન કોતરતી હતી. બીજા દિવસે ધનંજય બિલિમોરા આવે એવું નક્કી થયું, અને રમણલાલ રચનાને લઈને બિલિમોરા પાછા આવ્યા. બીજા દિવસે સવારે રચનાએ ઘર ઝળહળતું કરી નાખ્યું. રસોઈ બનાવવાની પણ શરૂઆત કરી નાખી. લગભગ સવારના સાડા અગ્યાર વાગ્યે ધનંજય આવ્યો. રમણલાલ પણ ઘેર આવી ગયા. ત્રણે જમવા બેઠા. ધનંજયને રસોઈ ખૂબ ગમી. એ પછી તો સાદાઈથી બંનેના લગ્ન બિલિમોરામાં જ થઈ ગયા, ને સુરતમાં કોર્ટ મેરેજ પણ થઈ ગયા. રચનાના પાસપોર્ટ માટે અરજી પણ થઈ ગઈ, ને વિઝા માટેના જરૂરી કાગળો પણ ધનંજયે આપ્યા. બીજા મહિને ધનંજય અને રચના અમેરિકા જવા માટે ઉપડી પણ ગયા! હવે રમણલાલને એકલતા સતાવતી હતી. રિટાયરમેન્ટને હજી એક વરસની વાર હતી. પણ, એ એક વરસ કેમ નીકળશે એની ચિંતા હવે એમને સતાવતી હતી. ઘર જાણે ખાવા ધાતું હતું. ઘરના ખૂણે ખૂણેથી એમને રચનાના અને ચંદનબેનના અવાજોના ભણકારા વાગતા. એમની ઊંઘ લગભગ અદ્રશ્ય થઈ ગઈ. રચનાને ફ્લોરિડાનું ટામ્પા શહેર ગમ્યું. દરિયા કિનારાની નજીક જ એમનું ઘર હતું, ને ફેક્ટરી પણ નજીક હતી. અહીંની લાઈફસ્ટાઈલ પણ હળવી હતી. ગુજરાતીઓની ઘણી વસ્તી એને અહીં લાગી. ધીમે ધીમે એ ટામ્પાથી ટેવાતી ગઈ. લગભગ રોજ રાત્રે એ રમણલાલને ફોન કરીને એમના સમાચાર પૂછતી. ક્યારેક ધનંજય પણ રમણલાલ સાથે વાત કરતો.

રચના સાથે પોતે ખુશ છે એમ એ કહેતો.

ટામ્પાની ગલીઓમાં સમય સરકતો રહ્યો, ને ચોથા વરસે રચનાએ દીકરાને જન્મ આપ્યો. એનું નામ ધનંજયે રાખ્યું -જય! જય એક વરસનો થયો, ત્યારે ધનંજયે નજીકમાં શનિ-રવિ વીક એન્ડ ઉજવવાનુ સૂચન કર્યું. શનિવારે વહેલી સવારે જયને લઈને રચના અને ધનંજય ગાડી લઈને નીકળ્યા. ધનંજયનું ઘર સાઉથ ટામ્પામાં વર્જિનિયા પાર્કમાં હતું, ને પિકનિક માટે એણે નજીકનો બાલાસ્ટ પોઈન્ટ પાર્ક પસંદ કરેલો, ને રૂમ પણ બુક કરાવી નાખેલી. રવિવાર સાંજ સુધી ત્રણે મસ્તી કરતા રહ્યા. રવિવારે સાંજના ઘેર જવા ધનંજયે ગાડી સ્ટાર્ટ કરી. એની બાજુની સીટમાં રચના ગોઠવાઈ, અને આગળની બેબી સીટમાં જયને બેસાડ્યો. જય મલકતો હતો. લગભગ પંદરેક કિલોમીટર પછી ધનંજયે ગાડી સેલમોન એક્સપ્રેસ વે પર લીધી. એ રોડ પર એણે પૂરપાટ ગાડી ભગાવી. જોકે, દસેક કિલોમીટર આગળ ગયા પછી એને લાગ્યું કે, એન્જિનમાંથી ધૂમાડા નીકળે છે. એણે સાઈડમાં ગાડી ઊભી રાખી. “રચના,”એણે બારણું ખોલતાં કહ્યું, “એન્જિનમાંથી ધુમાડા નીકળતા હોય એવું લાગે છે. હું બોનેટ ખોલીને જોઉં છું. તું ગાડીમાં બેસી રહેજે.” ધનંજયે બોનેટ પાસે જઈને જેવું બોનેટ ખોલ્યું, કે તરત જ અંદરથી આગનો એક ગોળો એના પર જાણે ફેંકાયો ! પવનના લીધે ઝડપથી આગ એના શરીર પર પ્રસરવા લાગી. બોનેટનું ઢાંકણું આડું આવતું હોવાથી તરત તો રચનાને ખ્યાલ ન આવ્યો, પણ બીજી મિનિટે એ કૈંક અજુગતું બની ગયું છે એમ સમજી ગઈ, ને જયને લઈને ગાડીની બહાર નીકળી ગઈ. એણે જોયું તો ધનંજય રોડ પર પડયો હતો, અને એનું શરીર કાળું પડી ગયું હતું. બીજી મિનિટે ગાડી સળગી ઉઠી, અને પાંચમી મિનિટે પોલિસ કાર અને એમ્બ્યુલન્સ પણ આવી ગયા! ધનંજયને હોસ્પિટલમાં દાખલ કર્યો, પણ એ બચી ન શક્યો. એની બધી ક્રિયાઓ એની ફેક્ટરીના માલિક ચંદ્રકાન્તભાઈ પટેલે પતાવી દીધી. હવે રચના પાસે બિલિમોરા પાછા જવા સિવાય બીજો રસ્તો ન હતો. એનું ટામ્પાનું મકાન વેચવામાં પણ પટેલભાઈએ મદદ કરી, સુરતની વિમાનની ટિકિટ પણ કરાવી આપી, ને પોતે ટામ્પા એરપોર્ટ પર એને મૂકવા આવ્યા. “દીકરી,”ચંદ્રકાન્તભાઈએ કહ્યું, “જે થઈ ગયું એ થઈ ગયું. હવે તું ઘેર આરામ કરજે. કોમ્પન્સેશનની રકમ તને થોડા વખતમાં જ મોકલી આપીશ.” બીજા દિવસે રચના બિલિમોરા પહોંચી ગઈ. ભીની આંખે એણે રમણલાલને પ્રણામ કર્યા, ને એમના હાથમાં જયને આપ્યો. પાડોશીઓ પણ એકઠા થઈ ગયા. એક બહેન રસોઈ બનાવીને લાવ્યા, ને સૌએ ખાધું. દિવસો પસાર થતા ગયા. દસમા દિવસે અમેરિકાથી કવર આવ્યું. ધનંજયના કોમ્પન્સેશનના બે લાખ ડોલરનો ચેક એમાં હતો! “હવે મારે પૈસા શું કરવા છે?”રચનાએ વિચાર્યું, “મમ્મી પણ આગમાં ગઈ, ને જયના પપ્પા પણ આગમાં ગયા. હવે બીજું કોઈ આ રીતે આગમાં ન જાય એ માટે એ ચેક લઈને બિલિમોરાની ફાયરબ્રિગેડની ઓફિસે ગઈ. ત્યાં એણે બે લાખ અમેરિકન ડોલર ભેટ આપી દીધા ને તરત જ એ પાછી ઘેર આવી ગઈ.

ઘેર આવીને એણે જયને જોયો, ત્યારે એને લાગ્યું કે, જયની આંખો અસ્સલ ધનંજય જેવી જ છે ! એને લાગ્યું કે, હવે ધનંજય ક્યાંથી પાછો આવવાનો? હવે તો એને જીંદગી આખી યાદ કરીને જ સંતોષ માનવાનો !એની આંખમાંથી અશ્રુ સરી પડ્યા.

(શીર્ષકપંક્તિઃ જિજ્ઞેશ વાળા )